### ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડવાને બદલે કોન્ટ્રાક્ટર ફરાર થયાનો પરિવારનો દાવો

# મકરપુરામાં નિર્માણધીન સાઈટ પરથી પટકાતા શ્રમિકનું મોત, કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ

**કોન્ટ્રાક્ટરની** ઘોર બેદરકારી અને અમાનવીય વલણ, સારવાર અપાવવાને બદલે ઘટનાસ્થળેથી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા. તા.૯

વડોદરાના મકરપુરા વિસ્તારમાં સુરક્ષાના સાધનોના અભાવે એક નિર્દોષ શ્રમિકે પોતાનો જીવ ગુમાવ્યો છે. મકરપુરા બસ ડેપો પાછળ આવેલી એક સોસાયટીમાં ચાલી રહેલા સિવિલ કામ દરમિયાન ઊંચાઈ પરથી નીચે પટકાયેલા શ્રમિકનું એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટના બાદ કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી અને અમાનવીય કૃત્યને પગલે પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મકરપુરા વિસ્તારમાં એક નિર્માણધીન સાઈટ પર શ્રમિક કામ કરી રહ્યો હતો. તે પાલખ પર ચઢીને કામ કરી રહ્યો હતો તે દરમિયાન અચાનક પગ લપસી જતાં તે સીધો જ નીચે પટકાયો હતો. ઊંચાઈએથી પટકાવવાને કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ માથામાં ગંભીર ઈજાઓ હોવાથી તેનું ટૂંકી સારવાર બાદ નિધન થયું હતું.

મૃતકના ભાઈ પ્રકાશના જણાવ્યા અનુસાર, શ્રમિક હિતેશ માછી નામના કોન્ટ્રાક્ટરના નેજા હેઠળ મજૂરી કામ કરતો હતો. અકસ્માત બાદ પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, કોન્ટ્રાક્ટર હિતેશ માછીએ માનવતાની તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. શ્રમિક લોહીલુહાણ હાલતમાં વેદનામાં તરફડતો હતો, ત્યારે તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની જવાબદારી નિભાવવાને બદલે કોન્ટ્રાક્ટર સ્થળ પરથી રફુચક્કર થઈ ગયો હતો. જેથી પરિવારજનોએ અમને ન્યાય જોઈએ તેવી માંગ કરી હતી, સાથે જ્યાં સુધી અમને ન્યાય ન મળે ત્યાં સુધી અમે અહીંયાથી ડેડ બોડી નહીં સ્વીકારીએની ચીમકી ઉચ્ચારી હતી.

ઘટનાની જાણ થતાં જ મકરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સાઈટ પર સુરક્ષાના કોઈ પણ પ્રકારના સાધનો કે સાવચેતીના પગલાં લેવામાં આવ્યા ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે મૃતકના પરિવારની ફરિયાદના આધારે કોન્ટ્રાક્ટર હિતેશ માછી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજસ્થાન દુષ્કર્મ ઘટનામાં વડોદરા વાલ્મિકી સમાજ દ્વારા આવેદન



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

રાજસ્થાનના ગંગાનગરમાં 13 વર્ષની સગીરા સાથે થયેલા કથિત સામૂહિક દુષ્કર્મના બનાવના વિરોધમાં વડોદરામાં વાલ્મિકી સમાજ દ્વારા દિવાળીપુરા સ્થિત નવીન કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સંવાદ ક્વાર્ટર્સ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને લોકો કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. તેમણે પીડિતાને ઝડપથી ન્યાય મળે અને કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરવામાં આવે તેવી માંગ કરી હતી. સાથે જ આરોપીઓ સામે કાયદા મુજબ કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠાવી હતી.

આવેદનપત્રમાં મહિલાઓ અને બાળકીઓ સામે વધતા અત્યાચાર અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. વડોદરાના છાણી વિસ્તારમાં તાજેતરમાં બનેલી દુષ્કર્મની ઘટનાનો ઉલ્લેખ કરી મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી.

વિરોધ દરમિયાન હાજર લોકોએ પીડિતાને ન્યાય મળે અને દોષિતોને કડક સજા થાય તેવી માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા માટે સરકાર અને કાયદા અમલવારી તંત્ર વધુ અસરકારક કાર્યવાહી કરે તેવી જનભાવના છે.

# હજ યાત્રા-2027ની અરજીની છેલ્લી તારીખ લંબાવવા રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.9

હજ યાત્રા-2027 માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ લંબાવવાની માંગ સાથે ફારૂક સોનીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય હજ કમિટી દ્વારા અરજી કરવાની અંતિમ તારીખ 20 જુલાઈ નક્કી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ તેમજ અનેક અરજદારોના પાસપોર્ટ નવા બનાવવાની અથવા રિન્યૂ કરવાની પ્રક્રિયા ચાલુ હોવાથી ઘણા ઈચ્છુક હજ યાત્રીઓ સમયસર અરજી કરી શકતા નથી. આ સંજોગોને ધ્યાનમાં રાખીને અરજીની છેલ્લી તારીખ 20 જુલાઈના બદલે 30 જુલાઈ સુધી અથવા ઓછામાં ઓછા 10થી 15 દિવસ લંબાવવાની માંગ કરવામાં આવી છે. સામાજીક કાર્યકર ફારૂક સોનીએ જણાવ્યું છે કે સમયમર્યાદા વધારવામાં આવશે તો તમામ ઈચ્છુક હજ યાત્રીઓને કોઈ મુશ્કેલી વિના અરજી કરવાની પૂરતી તક મળશે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુરનો નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંજલપુર દ્વારા જિલ્લા આયુર્વેદ શાખા, સયાજીગંજ (માંજલપુર આયુર્વેદ દવાખાના)ના સહયોગથી માંજલપુર સ્થિત શાનેન પ્રી-સ્કૂલ ખાતે નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં 12 વર્ષ સુધીના મોટી સંખ્યામાં બાળકોને સુવર્ણપ્રાશનનો ડોઝ આપવામાં આવ્યો હતો.

આયુર્વેદ મુજબ સુવર્ણપ્રાશન બાળકોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા, સ્મરણશક્તિ અને બુદ્ધિના વિકાસ, શારીરિક તથા માનસિક વૃદ્ધિ, પાચનશક્તિમાં સુધારો તેમજ સર્વાંગી આરોગ્ય જાળવવામાં લાભદાયી માનવામાં આવે છે.

કેમ્પ દરમિયાન જાયન્ટ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન-3એના પૂર્વ ફેડરેશન ઉપપ્રમુખ દીપકભાઈ અમીન, ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ શાહ, વહીવટી નિયામક ગોપાલભાઈ ચાવડા, ડૉ. છાયાબેન વોરા, પિનલભાઈ ગજ્જર સહિત હોદ્દેદારો, સભ્યો, બાળકોના વાલીઓ અને શાળાના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. બાળ સ્વાસ્થ્ય અને આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ નિઃશુલ્ક કેમ્પને સ્થાનિક નાગરિકો અને વાલીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

# રાધાવલ્લભ મંદિરમાં નવનિર્માણ બાદ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



**નવચેતના** ફોરમ, પૂજારી પરિવાર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી વર્ષો જૂના મંદિરને મળ્યો નવો જીવ

(પ્રતિનિધિ) વડોદરા

વડોદરાના માંડવી-બેંક રોડ સ્થિત સરકારવાડા નજીક આવેલા ઐતિહાસિક રાધાવલ્લભ મંદિરમાં નવનિર્માણ બાદ આજે ભગવાન રાધાવલ્લભજીની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ વૈદિક વિધિ મુજબ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. મંદિરનું વિશેષ ઐતિહાસિક મહત્વ છે, કારણ કે મહારાણી ગહિનાબાઈએ વૃંદાવનથી રાધાવલ્લભજીની મૂર્તિ લાવી અહીં સ્થાપિત કરી હતી.

સમય જતાં મંદિરનો એક ભાગ જર્જરિત થઈ ધરાશાયી થતાં પૂજારી ઉમાકાંત ભટ્ટ જોખમ વચ્ચે નિયમિત પૂજા-અર્ચના કરતા હતા. નવચેતના ફોરમ દ્વારા જિલ્લા કલેક્ટર અતુલ ગોર, યાત્રાધામ વિકાસ બોર્ડ અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. પૂજારી ઉમાકાંત ભટ્ટ અને કીર્તિભાઈ પરીખના સતત પ્રયાસોથી રાજ્ય સરકારે મંદિરના સંપૂર્ણ નવનિર્માણને મંજૂરી આપી હતી. મંદિરનું પુનઃનિર્માણ પૂર્ણ થતાં આજે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે નવચેતના ફોરમના પ્રતિનિધિઓએ પૂજારી પરિવારને અભિનંદન પાઠવી યાત્રાધામ વિકાસ બોર્ડ અને રાજ્ય સરકાર, ખાસ કરીને મંત્રી પૂર્ણેશભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. મંદિરના પુનર્જીવનથી સ્થાનિક ભક્તોમાં આનંદ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

# ભારે વરસાદ વચ્ચે વડોદરા રેલવે મંડળે યાત્રીઓને આપી સહાય

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

ભારે વરસાદને કારણે મુંબઈ મંડળના નાલાસોપારા-વિરાર રેલખંડમાં રેલ વ્યવહાર પ્રભાવિત થતાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે અંકલેશ્વર અને ભરૂચ સ્ટેશનો પર યાત્રીઓ માટે વિશેષ સહાય વ્યવસ્થા ગોઠવી હતી. મંડળ રેલ પ્રબંધક રાજૂ ભડકેના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોએ સંકલિત કામગીરી કરી હતી.

જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું હતું કે અંકલેશ્વર સ્ટેશન પર 200થી વધુ યાત્રીઓને સુરત જતી ટ્રેનોમાં ગોઠવવામાં આવ્યા હતા. ઉપરાંત 700થી વધુ રિફ્રેશમેન્ટ પેકેટનું વિતરણ કરાયું અને હેલ્પ ડેસ્ક સહિત ચાર વિશેષ કાઉન્ટર શરૂ કરાયા હતા. ભરૂચ સ્ટેશન પર વિશેષ હેલ્પ ડેસ્ક શરૂ કરી આશરે 250 યાત્રીઓને વૈકલ્પિક ટ્રેનમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. રિફંડ માટે વધારાના કાઉન્ટર તેમજ સ્થાનિક એનજીઓના સહયોગથી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રીઓને સતત માહિતી પૂરી પાડી સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હોવાનું રેલવે તંત્રએ જણાવ્યું હતું.

# સમા સિનિયર સિટીઝન એસો.માં 'આજ કી સાંજ રફી કે નામ' કાર્યક્રમ યોજાયો




**મોહમ્મદ** રફીના સદાબહાર ગીતોથી સભ્યો મંત્રમુગ્ધ; કલાકારોનું સન્માન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા સમા વિસ્તાર સિનિયર સિટીઝન એસોસિએશન દ્વારા 'આજ કી સાંજ રફી કે નામ' શીર્ષક હેઠળ સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એસોસિએશનના પ્રમુખ એસ.એમ. લોઢા, મંત્રી રાજેન્દ્રભાઈ પટેલ તથા કારોબારી સભ્ય શૈલેષભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન સભ્યોએ હાજરી આપી હતી.

કાર્યક્રમમાં મોહમ્મદ રફી સાહેબ ફાઉન્ડેશન, વડોદરાના પ્રમુખ ડૉ. બેલીમ, ઉપપ્રમુખ એસ.જી. શેખ, ગાયિકા મીનાઝબેન અને ડૉ. બેલાબેન સહિતના કલાકારોએ રફી સાહેબના લોકપ્રિય ગીતોની સુમધુર રજૂઆત કરી હતી. કલાકારોના મધુર સ્વરે સમગ્ર હોલ સંગીતમય બની ગયો હતો અને સભ્યોએ પણ ગીતોના તાલે ઝૂમી કાર્યક્રમની મજા માણી હતી. સભ્ય દિનેશભાઈએ નૃત્ય રજૂ કરી સૌનું મનોરંજન કર્યું હતું.

અંતે એસોસિએશન દ્વારા તમામ કલાકારોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ સૌએ આઈસ્ક્રીમ પાર્ટીનો આનંદ માણ્યો હતો. સંગીત અને આત્મીયતાથી ભરપૂર આ કાર્યક્રમ સિનિયર સિટીઝન સભ્યો માટે યાદગાર બની રહ્યો હતો.

# અંકલેશ્વરના નિશિથ રણાની કપ્તાનીમાં ભારતે રોકબોલમાં જીત્યો ગોલ્ડ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.9

નેપાળના કાઠમંડુમાં 29 જૂનથી 2 જુલાઈ દરમિયાન યોજાયેલી પ્રથમ દક્ષિણ એશિયન સિનિયર અને મિક્સ રોકબોલ ચેમ્પિયનશિપમાં ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ ગોલ્ડ મેડલ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે.

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામના અને મૂળ વાલિયા તાલુકાના વિઠ્ઠલગામના વતની નિશિથસિંહ દિલીપસિંહ રણાને ભારતીય પુરુષ



ટીમની કપ્તાની સોંપવામાં આવી હતી. તેમના નેતૃત્વમાં ભારતે ફાઈનલમાં યજમાન નેપાળને હરાવી સુવર્ણચંદ્રક જીત્યો હતો.

રોકબોલ એમેચ્યોર ફેડરેશન ઓફ ઈન્ડિયાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ભારતીય મહિલા ટીમે પણ શાનદાર દેખાવ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

નિશિથ રણાએ 2014માં વોલીબોલથી રમતગમતની સફર શરૂ કરી હતી. અગાઉ તેઓ શ્રીલંકામાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. કાઠમંડુમાં છ દેશોની ભાગીદારી વચ્ચે મળેલી આ ઐતિહાસિક જીતથી ભારતીય રોકબોલને નવી ઓળખ મળી છે.


## દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.

CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,
અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે, સં.નિ.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

### વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનમાં નવીન સોલાર ફીડરની પેનલ સ્થાપન કરવાની તથા દ.ગુ.વી.કં.લી ની લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચેજણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ-વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૧૩૨ કે.વી વાલિયા | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૧૧.૦૭.૨૦૨૬ શનિવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| 2 | ૬૬ કે.વી નેત્રંગ | તમામ ૧૧ કેવી ફીડરો | નેત્રંગ | ૭૪૩૪૦૧૭૪૩૦ | ૧૧.૦૭.૨૦૨૬ શનિવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |
| 3 | ૬૬ કે.વી ઝગડિયા | તમામ ૧૧ કેવી ફીડરો | ઝગડિયા | ૮૯૮૦૮૦૩૯૧૫ | ૧૧.૦૭.૨૦૨૬ શનિવાર | ૦૭.૦૦ થી ૧૦.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી

કાર્યપાલક ઇજનેર(સં.નિ.), ગ્રામ્ય વિભાગીય કચેરી, અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


### પથ્થરો, ટાઇલ્સના ટુકડા અને અન્ય બાંધકામનો કચરો ઠલવાયો

# સયાજી હોસ્પિટલના બાંધકામનો કચરો બહુચરાજી કાંસમાં ઠાલવાતા વિવાદ

**કાયદાને** નેવે મૂકનાર નીલકંઠ ઇન્ફ્રાના સંચાલકો સામે તંત્ર ક્યારે જાગશે ?

**પર્યાવરણપ્રેમીઓએ** કાર્યવાહીની માંગ કરી, કાંસ સાંકડી થતાં પૂરનું જોખમ વધ્યાની ચિંતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે પ્રસૂતિ અને બાળરોગ વિભાગ માટે નવી બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું છે. જોકે આ પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટર 'નીલકંઠ ઈન્ફ્રા' સામે બાંધકામનો કચરો બાજુમાંથી પસાર થતી બહુચરાજી કાંસમાં ઠાલવવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પથ્થરો, ટાઈલ્સના ટુકડા અને અન્ય બાંધકામનો કચરો સીધો કાંસમાં નાંખવામાં આવી રહ્યો છે. એક તરફ વડોદરા મહાનગરપાલિકા વિશ્વામિત્રી નદી અને શહેરની કાંસોને પહોળી કરવા તથા કાંપ કાઢવાની કામગીરી કરી રહી છે, ત્યારે બીજી તરફ કચરાના કારણે કાંસ સાંકડી બનતી હોવાનું જણાવાઈ રહ્યું છે. પર્યાવરણપ્રેમીઓનું માનવું છે કે વરસાદી પાણીના નિકાલમાં અવરોધ સર્જાતા કારેલીબાગ સહિતના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે.

આ મામલે સયાજી હોસ્પિટલના પીઆઈયુ વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. ફરિયાદો છતાં માત્ર મૌખિક સૂચનાઓ આપવામાં આવતી હોવાના આક્ષેપ વચ્ચે કોન્ટ્રાક્ટર બેફામ બન્યો હોવાનું સ્થાનિકોનું કહેવું છે. કચરાના કારણે બાજુમાં આવેલા પુલના પાયા પર પણ અસર થઈ રહી હોવાનું અને ગટરનું પાણી છોડાતા ધોવાણની સમસ્યા વધ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. 'વિશ્વામિત્રી બચાવો સમિતિ'ના સભ્ય અને ધારાશાસ્ત્રી શૈલેશ અમીને કોન્ટ્રાક્ટર સામે દંડાત્મક કાર્યવાહી કરી કાંસમાંથી કચરો તાત્કાલિક દૂર કરવાની માંગ કરી છે. હવે મહાનગરપાલિકા અને આરોગ્ય તંત્ર આ મામલે જવાબદાર સામે કાર્યવાહી કરે છે કે નહીં તે જોવું રહ્યું.

### ગજરાવાડીથી લક્ષ્મી ગણપતિ મંદિર રોડ પર પેચવર્ક પૂર્ણ

વડોદરા. તા.૯

પાલિકાના પૂર્વ ઝોનના વોર્ડ નં. 14માં ગજરાવાડી પાણીની ટાંકીથી લક્ષ્મી ગણપતિ મંદિર સુધીના આશરે 300 મીટરના માર્ગ પર વરસાદ બાદ મોટા ખાડા પડતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. ખાડા પડ્યાની ફરિયાદ મળતા પાલિકા તંત્ર દ્વારા ગણતરીના કલાકોમાં પેચવર્ક કરી દેવાયો છે.


## આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
નડિયાદ શાખાઃ શોપ નં. ૦૪, ૧લો માળ, પ્રાઇમ સ્ક્વેર, ખસરા નં. આર.એસ. નં. ૧૧૫૪/એ, કેનાલ અને ડીડીઆઈટી યુનિવર્સિટી નજીક, કોલેજ રોડ, નડિયાદ, જિ. ખેડા, ગુજરાત - ૩૮૭૦૦૧

### પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે અધોક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ લોન લેનાર(ઓ)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લોન લેનાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોન લેનાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા સદર અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે. લોન લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોન લેનાર અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર તેના પરના વ્યાજ સહિત અહીં નીચે જણાવેલ રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | લોન લેનાર(ઓ)/સહ-લોન લેનાર(ઓ)નું નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસ તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૯૧૦૦૦૦૧૯૯/ નડિયાદ શાખા) વિક્રમસિંહ રાઠોડ (લોન લેનાર) કીર્તિબેન સોમાભાઈ ડામોર (સહ-લોન લેનાર) | પ્લોટ નંઃ ૩ થી ૮ પૈકી, બ્લોક નંઃ ૦૬, પ્લોટ નંઃ ડી/૪, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર વાળી મિલકતનો સમગ્ર ભાગ અને હિસ્સો, શિવમ સોસાયટી ઝાલોદ દાહોદ રોડ, સબ ડિસ્ટ્રિક્ટ-ઝાલોદ, જિ. દોહદ (દાહોદ), ગુજરાત-૩૮૯૧૭૦. ચતુઃસીમાઃ પૂર્વઃ સિટી સર્વે નં. ૨૫૬૩\૬ પૈકી પ્લોટ નં. ૨ની મિલકત આવેલી છે, પશ્ચિમઃ સોસાયટી આવેલી છે, ઉત્તરઃ સિટી સર્વે નં. ૨૫૬૩/ ૬ પૈકી પ્લોટ નં. ડી\૫ની મિલકત આવેલી છે, દક્ષિણઃ સિટી સર્વે નં. ૨૫૬૩ /૬ પૈકી પ્લોટ નં. ડી\૩ની મિલકત આવેલી છે. | 14-04-2026 અને ₹ 25,56,680/- | 08-07-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૧૦.૦૭.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ



## AXIS BANK LIMITED

### ગિરો મૂકેલી અસ્કયામતો એટલે કે સોનાના દાગીનાની હરાજી માટેની જાહેર નોટિસ

લોન લેનારને ખાસ કરીને અને સામાન્ય રીતે જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલા ખાતાઓમાં ગિરો મૂકેલા સોનાના દાગીનાની જાહેર હરાજી એક્સિસ બેંક દ્વારા નીચે દર્શાવેલી શાખા ખાતે યોજવાનું પ્રસ્તાવિત છે.

નીચે જણાવેલા ઉધારકર્તાઓએ સુરક્ષા (જામીનગીરી) પેટે બેંકની તરફેણમાં સોનાના દાગીના ગિરો મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ધિરાણ સુવિધા ("ગોલ્ડ લોન સુવિધા") મેળવી છે. ઉધારકર્તાઓ/જામીનદારોને મેળવેલી ગોલ્ડ લોન સુવિધા પેટે તેમની લેણી નીકળતી બાકી રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. ઉધારકર્તાઓ/જામીનદારો બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી બેંક ગિરો હક્કનો ઉપયોગ કરવા માટે મજબૂર થઈ છે અને નીચે આપેલી મિલકતની અનુસૂચિમાં વધુ વિગતવાર વર્ણવેલ ગિરો મુકેલા સોનાના દાગીનાનું હરાજી વેચાણ ૧૦-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "જ્યાં છે, જે પરિસ્થિતિમાં છે", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરો નહીં"ના આધારે યોજવાનું પ્રસ્તાવિત કર્યું છે. હરાજી નીચે દર્શાવેલ સ્થળે યોજાશેઃ ઉધારકર્તાઓ અને બાકી રકમની વિગતો

| લોન ખાતા નંબર | લોન ખાતા નંબર | બાકી રકમ (₹) | રિકોલ નોટિસની તારીખ | કુલ વજન | ચોખ્ખું વજન |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અલીપુરા, બોડેલી વડ [GJ] | | | | | |
| કમલેશભાઈ ભીમસિંગભાઈ રાઠવા | XXXXXXXXXXX0324 | 16520 | 15-06-2026 | 10.300 | 9.800 |
| શાખાનું નામઃ ડભોઈ [GJ] | | | | | |
| લોખંડવાલા ઈશરાન હુસૈન | XXXXXXXXXXX8018 | 146026 | 04-06-2026 | 14.800 | 14.300 |
| શાખાનું નામઃ દાહોદ [GJ] | | | | | |
| પારગી રોહિતભાઈ રાજુભાઈ | XXXXXXXXXXX7349 | 205049 | 07-05-2026 | 65.720 | 51.120 |
| રેખાબેન દિનેશભાઈ રોઝ | XXXXXXXXXXX6227 | 203529 | 07-05-2026 | 22.350 | 21.400 |
| શાખાનું નામઃ દેવગઢ બારિયા [GJ] | | | | | |
| ગોહિલ કાજલબેન જનકકુમાર | XXXXXXXXXXX6779 | 257329 | 15-06-2026 | 33.280 | 32.480 |
| શાખાનું નામઃ કારેલીબાગ, વડોદરા [GJ] | | | | | |
| જયશ્રીબેન સોદાગર | XXXXXXXXXXX8586 | 114992 | 04-06-2026 | 14.600 | 13.900 |
| શાખાનું નામઃ ખંભાળિયા [GJ] | | | | | |
| ધર્મિષ્ઠાબેન બળવંત નકુમ | XXXXXXXXXXX0198 | 185979 | 18-05-2026 | 39.140 | 36.150 |
| શાખાનું નામઃ મણેજા વડ [GJ] | | | | | |
| ચૌધરી મિન્ટુ | XXXXXXXXXXX1287 | 129060 | 02-04-2026 | 19.750 | 15.950 |
| શાખાનું નામઃ નિઝામપુરા, વડોદરા [GJ] | | | | | |
| દેવેન્દર કૌર સગ્ગુ | XXXXXXXXXXX6578 | 63113 | 04-06-2026 | 15.000 | 13.950 |
| શાખાનું નામઃ સયાજીગંજ, વડોદરા [GJ] | | | | | |
| વણકર નરેશકુમાર લલ્લુભાઈ | XXXXXXXXXXX1359 | 158263 | 16-02-2026 | 29.070 | 26.920 |
| શાખાનું નામઃ સ્ટેશન રોડ GO C2017 [GJ] | | | | | |
| હેમરાજની ભારતીબેન | XXXXXXXXXXX3036 | 1630347 | 10-12-2025 | 579.150 | 571.150 |
| શાખાનું નામઃ વડોદરા [GJ] | | | | | |
| ધવલભાઈ ઘનશ્યામભાઈ પટેલ | XXXXXXXXXXX1545 | 203164 | 07-05-2026 | 33.900 | 32.300 |

### ટેન્ડરની શરતો અને નિયમો

હરાજીના દિવસે/તારીખે ટેન્ડર ભરનારાઓને બેઝ/રિઝર્વ કિંમત આપવામાં આવશે, જેના પર હરાજીની બોલી ધ્યાનમાં લેવામાં આવશે. બેંક દ્વારા આપવામાં આવેલા નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં જ સબમિટ કરાયેલી બોલી/ઓફર્સને બોલી લગાવવા માટે માન્ય ગણવામાં આવશે.
અપૂર્ણ બિડ ફોર્મ/ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને તે રદ થવાને પાત્ર રહેશે.
નિયમો અને શરતો સાથેના ટેન્ડર દસ્તાવેજો ઉપરોક્ત શાખામાંથી મેળવવાના રહેશે. યોગ્ય રીતે ભરેલ ટેન્ડર દસ્તાવેજ ૧૦-૦૮-૨૦૨૬ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સોંપવાનો રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
ઉક્ત મિલકતો "જ્યાં છે, જે પરિસ્થિતિમાં છે", "જે કંઈ પણ છે" અને "કોઈ આશરો નહીં"ના આધારે વેચાણ માટે ઓફર કરવામાં આવે છે. ઉક્ત મિલકતના સંબંધમાં ધોરણ, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈ બાકી લેણાં, કરવેરા, જો કોઈ હોય તો, તેની કોઈ જવાબદારી બેંક સ્વીકારતી નથી.
બેંક દ્વારા હરાજીની તારીખે ટેન્ડરદારોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે, જેઓ ઉપર જણાવેલ દિવસ અને સમયે તેમની સંબંધિત ઓફર્સ વધારવા/સુધારવા માટે હાજર રહેવાનું પસંદ કરી શકે છે.
ઉપર જણાવેલ શાખાના નામો. હરાજીની તારીખઃ ૧૦-૦૮-૨૦૨૬.
ઓફર/ટેન્ડર એકવાર સબમિટ કર્યા પછી પાછું ખેંચી શકાશે નહીં અને જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/દાગીના માટે સિંગલ બિડ/ઓફર હોય તો બિડર બિડની રકમ જમા કરાવવા માટે બંધાયેલ રહેશે.
જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/દાગીના માટે એક કરતાં વધુ બિડ હશે, તો બિડરો વચ્ચે પરસ્પર બોલી લગાવવામાં આવશે અને સૌથી વધુ બોલી લગાવનારને સફળ બિડર તરીકે જાહેર કરવામાં આવશે.
બિડરે તમામ KYC દસ્તાવેજો એટલે કે PAN નંબર, PAN કાર્ડ, આધાર કાર્ડ અને સરનામાનો પુરાવો વગેરે સબમિટ કરવાના રહેશે. બિડરે માન્ય ઇમેઇલ ID અને સંપર્ક નંબર સબમિટ કરવાનો રહેશે.
બેંક પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી ઓફર સ્વીકારવાનો કે નકારવાનો તેનો અધિકાર અબાધિત રાખે છે.
ઉક્ત મિલકતના વેચાણ/વેચાણ માટેની ઓફરમાંથી ઉદ્ભવતા કોઈપણ વિવાદો/મતભેદો માત્ર મુંબઈની અદાલતો/ટ્રિબ્યુનલોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

સ્થળઃ ગુજરાત

અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિમિટેડ



## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલઃ eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ડાબકા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી પાટલામહુ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોળદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી અશનાવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી ઝરીયા ઈન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી અંજોલી એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી અગર જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૩.૦૭.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી ખાટા આશીત્રા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૩.૦૭.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૨ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૪.૦૭.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૩ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૪.૦૭.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી મહીજીપુરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી કાસોટીયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી ઝાઝપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી નામલપૂર | ૧૧ કેવી લીમડીયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૭.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી નામલપૂર | ૧૧ કેવી કાંડલેજ એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૭.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઈચા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭.૦૭.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી રસેલા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭.૦૭.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૧ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી જી.એમ.ડી.સી. એચ.ટી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૭.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૨ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી પિંડોલી જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨૩ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી વોરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૭.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |

નોંધઃ કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠોચાલુ કરીદેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો